# રાજ્યની નવી કુટિર અને ગ્રામોદ્યોગ નીતિ જાહેર

## મુખ્યમંત્રી આનંદીબેન પટેલના માર્ગદર્શન હેઠળ તૈયાર નીતિમાં ઈકો-ફ્રેન્ડલી પ્રોડક્ટને પ્રોત્સાહન આપવાના પાયલોટ પ્રોજેક્ટ હાથ ધરાશે : સૌરભ પટેલ




ગુજરાતમાં કુટિર અને ગ્રામોદ્યોગનાં વૃધ્ધિ અને વિકાસ માટે પ્રોત્સાહન આપવા આ ક્ષેત્રમાં કામ કરતાં લોકોનાં સામાજિક આર્થિક ઉત્થાન ઉપર ભાર મૂકી, પુરક રોજગારીની તકો ઉભી કરી, તેમના જીવનની ગણવત્તામાં સુધારો કરવા તેમજ પરંપરાગત કલાની જીવંત વારસા તરીકે જાળવણી કરવાના હેતુસર મુખ્યમંત્રી આનંદીબેન પટેલના માર્ગદર્શનમાં તૈયાર થયેલ નવી કુટિર અને ગ્રામોદ્યોગ નીતિ ૨૦૧૦ની રાજયના કુટિર ઉદ્યોગ મંત્રી સૌરભભાઈ પટેલે આજે જાહેરાત કરી હતી. તદ્ અનુસાર લુપ્ત થતી કાફટની જાળવણી અને તેના પુનરુત્થાન માટે પાયલોટ પ્રોજેક્ટ તરીકે વન વિલેજ વન પ્રોડક્ટનો અભિગમ અપનાવવામાં આવશે. લુપ્ત થતી કાફટને પસંદ કરી જે ગામમાં તે કાફટનું પારંપારિક રીતે ઉત્પાદન થતું હોય તે ગામમાં તેના ઉત્કૃષ્ટ અને ગુણવત્તાયુક્ત ઉત્પાદન કરવા માટે તે ગામને નામાંકિત કરવામાં આવશે અને તેમને ડાયોગ્નોસ્ટિક રિસર્ચ, કાચામાલની પ્રાપ્યતા, ડિઝાઈન વિકાસ માટે અને ઉત્પાદન વૈવધ્યિકરણની તાલીમ માટે સહાય તેમજ ઉત્પાદનોનાં માર્કેટીંગ અને બ્રાન્ડિંગ માટે પ્રોત્સાહન સહિતના લાભ આપવામાં આવશે. આ લુપ્ત થતી કલાઓનાં કારીગરોને તેના ઉત્પાદનોના વેચાણ પર ખાસ વળતર આપવામાં આવશે અને તેમને વિવિધ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય પ્રદર્શનો મેળાઓમાં ભાગ લેવા માટે જરૂરી સંવલતો પણ અપાશે. ગુજરાત માટીકામ કલાકારી અને રૂરલ ટેકનોલોજી ઈન્સ્ટીટ્યુટમાં હસ્તકલા ક્ષેત્રવાંસ અને નેતરના ઉત્પાદનો માટીકામ, મુર્તિકામ, ચામડા, શણ અને કુદરતી ફાઈબરનાં ઉત્પાદનો માટે ડિઝાઈન સ્ટુડિયો બનશે. ખાદી અને હાથશાળ માટે પણ ડિઝાઈન સ્ટુડિયો થશે. આ કારીગરોને નવી તકનીકો અને વધુ ઉત્પાદન મેળવવા માટે ટેકનોલોજીની જાણકારી માટે તાલીમ અને સહાય અપાશે. CEPT, NIFT , NID જેવી સંસ્થાઓ સાથે સંકળાયેલ તેમજ ઉદ્યોગ ક્ષેત્રે કામગીરી કરનાર નિષ્ણાંત ડિઝાઈનર્સની સેવાઓનો લાભ લઈને કારીગરો માટે ડિઝાઈન વર્કશોપનું આયોજન કરાશે.

## આપની આજ

નરેન્દ્ર શાહ
(મો. : ૯૮૨૫૭ ૪૨૧૨૬)

### આજે રાશિ વૃષભ

### આજના ગ્રહોની કુંડળી



### આજે ચાંડાલ યોગ છે.

**મેષ** શનિની પનોતી છે. અઢી વર્ષની પનોતી ચાલે છે પણ દસમે બુધ - શુક્રના કારણે મિશ્ર ફળ મળે - નુકસાનથી બચાય - હેરાનગતિ - પરેશાની અનુભવો - સાચવવું.

**વૃષભ** કેન્દ્રમાં ચાર પાપગ્રહો છે તેથી દિવસ મધ્યમ જશે - વ્યગ્રતા રહેશે - તમારા નોકરી ધંધાના ક્ષેત્રે તમોને થોડા ફેરફાર કરવાનું મન થાય. લાંબો વિચાર કરીને પગલું ભરવું.

**મિથુન** આઠમે બુધ શુક્ર આર્થિક લાભ અપાવે - તમો જ સાચા છો તેવી દલીલો તમોને મળનારા જોડે ના કરશો નહીં તો મિત્રોને શત્રુ બનાવશો - કૌટુંબિક વાદ - વિવાદમાં ન ઉતરશો.

**કર્ક** સાતમે બુધ - શુક્રના ભ્રમણને લીધે રાશિ ઉપર સંપૂર્ણ દ્રષ્ટિ હોઈ તમારો આજનો દિવસ ઉત્તમ જશે. સાચવીને ચાલશો તો ન ધારેલા લાભો મેળવશો - વાણી પર નિયંત્રણ રાખશો.

**સિંહ** કેન્દ્રમાં ચાર પાપગ્રહો છે તેથી દિવસ વ્યગ્રતા ભર્યો જશે - શનિની પનોતી છે. શનિદેવની તથા હનુમાનજીની ભક્તિ કરવી - કાળજી રાખવી - ભક્તિ જ શ્રેષ્ઠ ઉપાય છે.

**કન્યા** બારમે રાહુ - ગુરુ સાથેના ચાંડાલ યોગથી તમારે ક્રોધ ઉપર કાબુ રાખવો જરૂરી છે. બને તો આખો દિવસ કોઈની સાથે વાદ-વિવાદમાં ઉતરવું નહીં. શાંતિથી દિવસ પસાર કરવો.

**તુલા** શનિની સાડાસાતી છે. ઉતરતી પનોતી છે - એકાદ આર્થિક લાભ અપાવી જવાની શક્યા છે ધ્યાન રાખીને ચાલશોને હનુમાનજીને શનિદેવની પૂજા કરશો તો ફાયદામાં રહેશો.

**વૃશ્ચિક** શનિની સાડાસાતી છે - કેન્દ્રમાં ચાર પાપગ્રહો છે - દિવસ વ્યગ્રતા ભરેલો જશે - શનિની પનોતીમાં હનુમાનજીની અને શનિદેવની પૂજા - ભક્તિ કરવી - શ્રદ્ધા રાખીને ભક્તિ કરશો તો નડતર ઓછું થશે.

**ધન** શનિની સાડાસાતી છે. આગામી પાંચ - છ વર્ષ તમારા જીવનમાં બહુ જ અગત્યનાં ચડ-ઉતર વાળાં વર્ષ રહેશે. ધ્યાન રાખીને સાવચેતી રાખીને ચાલશો તો આ સમય સહેલીથી પસાર થશે.

**મકર** રાશિમાં બુધને શુક્રને લીધે તમારો આજનો દિવસ સુંદર પસાર થશે - આનંદમાં દિવસ જશે. આજે તમો તમારી બુદ્ધિના ચમકારા લોકોને બતાવશો - મિત્રો આશ્ચર્યમાં પડી જશે.

**કુંભ** કેન્દ્રમાં ચાર ક્રૂરગ્રહો છે તેથી દિવસ વ્યગ્રતા ભરેલો રહે - બારમે બુધ - શુક્ર ના જોઈતા વણમાગ્યા ખર્ચા કરાવે. ખર્ચા કર્યા બાદ ખબર પડે કે આપણે ભૂલ કરી - ના કર્યું હોત તો સારું.

**મીન** આઠમે મંગળને કારણે તમારે આખો દિવસ પડવા - વાગવા - દાઝવાથી સાચવવાનું જરૂરી છે. ચહ્રે રાહુ - ગુરુનો યોગ પણ તમારી તંદુરસ્તીને જોખમાવે નહીં તેવનું ધ્યાન રાખવું.

## સ્વચ્છ શહેર

● અનુસંધાન પહેલાનું ચાલુ

શહેરોમાં ધનબાદ પ્રથમ સ્થાન પર છે. આ શહેરોની યાદી પણ ૭૩ શહેરમાંથી કરવામાં આવી છે. આસનસોલ સૌથી ખરાબ શહેરોની યાદીમાં બીજા, ઈટાનગર ત્રીજા, પટણા ચોથા, મેરઠ પાંચમા, રાયપુર છઠ્ઠા, ગાઝિયાબાદ સાતમાં, જમશેદપુર આઠમાં, વારાણસી નવમાં અને કલ્યાણ ડોંબિવલી ૧૦ સ્થાને છે. વર્ષ ૨૦૧૪માં રાષ્ટ્રીય પાટનગર દિલ્હીમાં મોદીએ પોતે સ્વચ્છતા અભિયાનની શરૂઆત કરાવી હતી. બોટમ ૧૦ લિસ્ટમાં મોદીના મતવિસ્તાર વારાણસીનો સમાવેશ થાય છે. મેરઠ ૨૦૧૪ અને ૨૦૧૬ની યાદીમાં સામેલ છે. શહેરી વિકાસ પ્રધાન એમ વેંકૈયા નાયડુ દ્વારા આ યાદી જારી કરવામાં આવી છે. વર્ષ ૨૦૧૪માં કરવામાં આવેલા સર્વેની સાથે સરખામણી કરવામાં આવે તો તેમાં સુધારો થયો છે.

વિશાખાપટ્ટનમ અગાઉ ૪૪માં સ્થાને હતું જે હવે પાંચમા સ્થાને છે. જ્યારે સુરત ૧૨માં સ્થાને હતુ જે છઠ્ઠા સ્થાને છે. રાજકોટ જે ૩૨માં સ્થાને હતું તે ૭માં સ્થાને છે. ગંગટોક જે ૧૬માં સ્થાને હતુ તે આઠમાં સ્થાને છે. વર્ષ ૨૦૧૪માં ટોપ ટેન સ્વચ્છ શહેરોમાં મૈસુર, ગ્રેટર મુંબઈ, તિરુચિરાપલ્લી, ચેન્નાઈ, પુણે, નવી મુંબઈ, નાસિક, પિમ્પરી, ચંદીગઢ હતા હવે સ્થિતિ બદલાઈ છે. જુદા જુદા મુદ્દાઓના આધાર પર રેંકિંગની પસંદગી કરવામાં આવી છે. મોદીના વારાણસીનો સૌથી ખરાબ શહેરોમાં સમાવેશ કરાયો છે.

## ક્ષણના ચણીબોર

● ૪ પાનાનું ચાલુ...

વિક્રમ સંવત ૧૮૨૮ ના મહા સુદ પાંચમ- વસંત પંચમીના વાસંતી મહોલમાં કવિએ જન્મ ધારણ કર્યો હતો. ઉપર જણાવ્યું છે તેમ જૂનાગઢની જેમ સૌરાષ્ટ્ર - કચ્છ તથા મારવાડના અનેક રજવાડાઓની કવિની મુલાકાત યાદગાર તથા ઐતિહાસિક બની છે. કવિની કાવ્યશાસ્ત્રમાં નિપુણતા તથા ઉત્તમ પ્રકારની રહેતી કરણીને કારણે જે જે રાજ્યોમાં તેઓ ગયા ત્યાં તેમનો અનોખો સત્કાર થયો હતો. તેમની વિદ્વતાનો પ્રભાવ વિસ્તરતો જતો હતો. રાજા-મહારાજાનો વિશેષ પ્રભાવ તેમના રાજ્ય પૂરતો મર્યાદિત હોય છે. જ્યારે વિદ્વાન વ્યક્તિનો પ્રભાવ રાજ્યની કે કાળની સીમા બંધનમાં નથી. એક સુંદર સંસ્કૃત સુભાષિતમાં છંદ અનુષ્ટુભમાં આ વાત સુંદર રીતે રજૂ થઈ છે.

*વિધ્વત્વં ચ નૃપત્વં ચ*
*નૈવ તુલ્યં કદાચન !*
*સ્વદેશે પૂજ્યતે રાજા*
*વિધ્વાન્સર્વત્ર પૂજ્યતે !!*

મારવાડના કવિ લાડુદાનજીનો પ્રભાવ આ કારણસરજ અનેક પ્રદેશોમાં વિસ્તરેલો હતો. અનેક રાજવીઓએ કવિને પોતાના રાજ્યમાં સ્થાયી થવા વિનંતીઓ કરી હતી. પરંતુ વિધિ નિર્માણ આ રાજવી પુરુષ માટે કંઈક અલગજ હતું. સંસારી લાડુદાનજી સ્વામિનારાયણ દેવના પારસમણી સ્પર્શથી બ્રહ્માનંદ સ્વામી બનીને વિશેષ ઝળકી ઉઠ્યા. પરંતુ મૂળમાં સ્વામિની એક મોટા ગજાના સર્જક તરીકેની શક્તિ માટે ગુજરાતી સાહિત્ય પરિષદના સાહિત્યકોશ ખંડ-૧ માં લખ્યું છે :

"કવિએ રચેલાં ભક્તિ તથા વૈરાગ્યના પદો શૌર્યસભર શૈલીથી વિશિષ્ટ ખુમારીનો અનુભવ કરાવે છે. સૌરાષ્ટ્રની બોલીનો રણકો, પ્રાસ-અનુપ્રાસ મેળવવાની સહજશક્તિ, પદરચનાના સફાઈ કે માધુર્ય સ્વામિનારાયણ સંપ્રદાયની કવિતામાં તો મોખરાનું સ્થાન ભોગવે છે. પરંતુ ગુજરાતી પદ્યસાહિત્યમાં પણ વિશષ્ટ બની રહે છે." વસંત પંચમીના વાસંતી માહોલમાં સ્વામીના અનેક પદોનું સ્મરણ કેટલાય હરિભક્તોને ભીંજવતું રહે છે.

## મોનીટરીંગ માટે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

મનરેગાના અમલ અંગે પણ ઉદાસીન વલણને લઈ આ ટીમ ચોંકી ઉઠી છે. જિલ્લામાં રાષ્ટ્રીય કક્ષાની મોનીટરીંગ ટીમ ૧૯મી ફેબ્રુઆરી સુધી રોકાવાની છે. તે પોતાનો અહેવાલ કેન્દ્ર સરકારને આપશે.

આ ટીમ ૧૮ અને ૧૯ના રોજ જિલ્લાના અધિકારીઓ સાથે પણ બેઠક કરી તેમના અભિપ્રાયો મેળવી અહેવાલમાં તેનો ઉલ્લેખ કરશે તેમ મનાઈ રહ્યું છે. જિલ્લામાં આ ટીમ જે રીતે ગામડાઓ ખૂંદી રહી છે તેને લઈ અધિકારીઓએ અત્યારે ચૂપકીદી સાધી લીધી છે.

## ગટર સેવા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

રોગચાળો સર્જાય તેવી દહેશત પ્રવર્તી છે. બીજીતરફ સે-૭માં સ્થિત નવા આવાસોની સાઈટ પર પણ ગટર લાઈનના મેઈન હોલને પુરી દેવાતા તંત્રની અણઘડ કામગીરી છતી થઈ છે. નવા સુવિધાયુકત આવાસના નિર્માણના અંતે કર્મચારીઓને કેવી સુવિધા મળશે તે સમયે નિયત થશે. પરંતુ હાલમાં આવાસ નિર્માણની કામગીરીના લીધે રહીશો માટે શિરદર્દ ઉભો થયો છે.

## વસુલાત

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ગામોમાંથી પણ નબળી વસુલાતના લીધે સવા કરોડની સામે માત્ર ૫૫ લાખ જેટલો વેરો વસુલ કરી શકાયો છે.જો કે તંત્ર દ્વારા ગ્રામ્ય વિસ્તારમાં પાણીની સમસ્યા નિવારવા માટે નવી લાઈનો નાંખવામાં આવતા વસુલાતનુ સ્તર સુધર્યુ હોવાનુ પણ મનાઈ રહયુ છે. પાણી ગટર વેરાના બાકીદારોને તંત્ર દ્વારા ગત મહીના દરમિયાન નોટીસ આપવામાં આવી હતી.જુના અને નવા સેકટરોમાં ૨ હજારથી વધુ નોટીસો આપી તંત્ર દ્વારા ૨ લાખ જેટલો વેરો વસુલવામાં આવ્યો છે. જો કે પાણી ગટર વેરાની વલુલાતની કામગીરી સબળી બનાવવા માટે તંત્ર દ્વારા જોડાણ કાપવા સુધીના પગલા લેવાની વિચારણા હાથ ધરવામાં આવી છે. જયારે વેરા વસુલાતીની યાદી પણ અપગ્રડે કરવા માટે તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે.

## અડાલજની વાવ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આ ફિલ્મનાં શુટીંગ માટે ગુજરાતમાં અલગ અલગ સ્થળોએ કિંગખાન સહિત અન્ય નાના મોટા એકટ્રેસ ફરી રહ્યા છે. બે દિવસ પહેલા અમદાવાદ ખાતે ઐતિહાસિક સરખેજના રોજામાં શુટીંગ કરવા ટીમ પહોંચી હતી. પંરતુ પુરાતત્વ વિભાગની મંજુરી ન મળતા શુટીંગ અટકાવી દેવાયું હતું. દરમિયાન આજે રઈશનું શુટીંગ ગાંધીનગર નજીક સ્થિત પૌરાણિક અડાલજની વાવ ખાતે કરવામાં આવ્યું હતું. શાહરૂખ અડાલજ હોવાની વાત વાયુ વેગે પ્રસરી જતા કોલેજીયન યુવક યુવતીઓ બાઈકો અને ગાડીઓ લઈને અડાલજ પહોંચી ગયા હતા. તો બીજી તરફ અમદાવાદમાં શુટીંગ દરમિયાન થયેલા વિરોધ બાદ આજે અડાલજમાં પણ પોલીસ બંદોબસ્ત ગોઠવી કિલ્લેબંધી કરી દેવાતા શાહરૂખની ઝલક મેળવવા આવેલા કોલેજીયનો નિરાશ થઈને પાછા ફર્યા હતા. અડાલજ પાસે એક ડીવાયએસપી, બે પીઆઈ, ૧૦ પીએસઆઈ અને ૧૫૦ પોલીસ જવાનો બંદોબસ્તમાં તૈનાત કરી દેવાયા હતાં.

